પૃષ્ઠવાંચન

પુસ્તક:

## હાસ્યકૌતુક અને વ્યંગકૌતુક

- **લેખક: રવીન્દ્રનાથ ઠાકુર, અનુવાદક: રમણલાલ સોની**

## છે અને નથી

[કવિવર કુંજવિહારી બાબુ અને વશંવદ બાબુ પ્રવેશ કરે છે.]
કુંજવિહારી: કેમ આવવું થયું?
વશંવદ: જી, હવે તો અન્નના સાંસા પડવા લાગ્યા છે. એટલે મોશાય, નોકરીની -

કુંજ (એકદમ ગભરાઈને): નોકરી? નોકરી વળી શાની? આજે આવી મિષ્ટ મધુર શરદઋતુમાં નોકરીની વાત કોઈ કરે ખરું?
વશંવદ: જી, જાણી જોઈને કોઈ ન કરે, પણ પેટની બળતરાએ -
કુંજ: પેટની બળતરા? છી! છી! કેવી તુચ્છ વાત! ફરી એવું ન બોલીશ.
વશંવદ: જેવી આજ્ઞા! હવે નહિ બોલું, પરંતુ આખો વખત એ જ યાદ આવ્યા કરે છે.

કુંજ: શુ કહો છો, વશંવદ બાબુ! આખો વખત એ જ યાદ આવ્યા કરે છે? આવી શાંત સ્તબ્ધ સુંદર સંધ્યા સમયે પણ એ યાદ આવે છે?
વશં.: જી, યાદ આવે જ છે - અત્યારે ઊલટું વધારે યાદ આવે છે. વહેલો સવારનો બે કોળિયા ભાત મોંમાં નાખી નોકરીની ઉમેદવારી કરવા નીકળ્યો છું. તે પછીથી કશું પેટમાં પડ્યું નથી.
કુંજ: તે ન પડ્યું તો શું થઈ ગયું? ન ખાધું તો શું થઈ ગયું?

[વશંવદ બાબુ મૂગા મૂગા માથું ખંજવાળે છે.]

કુંજ: શરદઋતુની આ મનોહર ચાંદની જોઈને શું એવું નથી થતું કે માણસ પણ પશુની પેઠે કંઈ ન ખાય તોપણ જીવતો રહે છે? બસ, જાણે આ ચાંદની, ફૂલની સૌરભ, અને વસંતનો વાયુ ખાઈને જીવન મજેથી ચાલ્યું જાય છે.

વશંવદ (બીતો બીતો ધીમેથી): જી, જીવન મજેથી ચાલ્યું જાય છે.એ વાત સાચી, પરંતુ જીવન ટકતું નથી - બીજું પણ કંઈક ખાવાની જરૂર પડે છે.
કુંજ. (તપી જઈને): તો એ ખાઓ, જાઓ! મૂઠા ભરીને ભાતદાળ અને શાક જ આરોગ્યા કરો, જાઓ! અહીં તમારા જેવાઓને માટે બારણાં બંધ છે!

વશંવદ: આપે કહ્યું એ બધું ક્યાં મળશે, મોશાય? હું હમણાં જ દોટ મૂકું છું. (કુંજબાબુને ખૂબ ગુસ્સે ત હયેલા જોઈ) કુંજબાબુ, આપ ખરું કહો છો - આપના આ બાગની હવા ખાઈને જ પેટ ભરાઈ જાય છે, પછી બીજું કંઈ ખાવ આની ઈચ્છા જ થતી નથી.
કુંજ.:તમારે મોઢે આ શબ્દો સાંભળી હું રાજી થયો. હવે તમે માણસને શોભે એવી વાણી ઓચર્યા! આવો, બહાર આવો, આવો સરસ બાગ છે, પછી ઘરમાં ભરાઈ રહેવાનું શું કારણ?

વશં.: ચાલો! (ધીરેથી મનમાં) ટાઢ પડે છે - ઓઢવાયે કશું છે નહિ!
કુંજ.: વાહ, શરદઋતુની મીઠાશ કેવી મજાની છે!
વશં.: છે તો મજાની, પણ જરા ટાઢ વાય છે!

કુંજ.(ડિલ પર બરાબર શાલ વીંટાળીને):ટાઢ તો જરાયે નથી.
વશં.: ના, ટાઢ જરાયે નથી.
[થરથર ધ્રુજે છે.]

કુંજ.(આકાશભણી જોઈને): વાહ વાહ વાહ! જોઈને આંખ ઠરે છે! શ્વેત વાદળાનાં ટુકડા, આસમાની આકાશના સરોવરમાં રાજહંસની પેઠે તર્યા કરે છે, અને એની વચમાં ચંદ્રમા જાણે -
વશં.(જોરથી ખાંસી ખાઈને): ખૂ...ખૂ...ખૂ !
કુંજ.: વચમાં ચંદ્રમા જાણે -
વશં.: ખૂ...ખૂ...ખૂ.. ખૂ !
કુંજ.(ધક્કો મારી): સાંભળો છો, વશંવદ બાબુ? વચમાં ચંદ્રમા જાણે -
વશં.: ખૂ...ખૂ...ખૂ.. ખૂ...ખ્ખૂ...ખ્ખૂ !

કુંજ.(ખિજાઈ જઈને): તમે બિલકુલ જંગલી છો! આવી રીતે ખાંસી ખાવી હોય તો પછી ઘરના ખૂણામાં કામળો ઓઢીને પડી રહો ને, જાઓ! આવો બાગ -
વશં.(બીતો, બીતો, તનતોડ મહેનત કરી ખાંસી દાબતો): જી, હવે મને કંઈ નથી. (મનમાં) ક્યાં છે કામળો કે ક્યાં છે ધાબળો?

કુંજ.: આ શોભા જોઈને મને એક ગાન સ્ફુરે છે - સાંભળો, હું ગાઉં છું -
સુ...ઉ...ઉન્દર ઉપવન
વિકસિત તરુ - ઉ - ઉગણ
મનોહર બહુ -
વશંવદ (જોરથી ખાંસી ખાઈને): હોંચ્છો...
કુંજ.: મનોહર બહુ -
વશં.: હોંચ્છો...હોંચ્છો...
કુંજ.: સાંભળો છો કે નહિ? મનોહર બહુ -
વશં.: હોંચ્છો...હોંચ્છો...
કુંજ.: નીકળો અહીંથી -

વશં.: હમણાં જ નીકળું છું - એક પળ પણ આ બાગમાં ઊભા રહેવાની હવે મારી ઈચ્છા નથી - જહું નહિ નીકળું તો મારો જીવ નીકળશે. હોંચ્છો! શરદઋતુની મધુરતા મારાં નાક અને આંખોમાંથી નીકળી રહી છે. જીવ સુધ્ધાં નીકળવાની તૈયારીમાં છે, હોંચ્છો ! હોંચ્છો... ખુ...ખ્ખુ! પરંતુ કુંજબાબુ, પેલી નોકરી... હોંચ્છો !...
[કુંજબાબુ શાલ લપેટીને મૂંગા મૂંગા આકાશના ચંદ્રમા ભણી જોઈ રહે છે.]

[નોકર પ્રવેશ કરે છે.]
નોકર: ભાણું આવી ગયું છે.
કુંજ.: કેમ આટલું મોડું થયું? ખાવાનું લાવતાં બે કલાક લાગતા હશે, કાં?

[એકદમ જતા રહે છે.]
**( “હાસ્યકૌતુક અને વ્યંગકૌતુક”માંથી પૃષ્ઠ વાંચન)**
**પ્રકાશન: ગુજરાતી સાહિત્ય પરિષદ** http://gujaratisahityaparishad.com/